**રામપ્રસાદ શેઠ બે પત્નીને પરણી અને એક એક પત્નીએ એક એક પુત્રની ભેટ આપી. બંને પુત્ર એકબીજાથી એકદમ ભિન્ન! એક વાચન, સંગીત, નૃત્ય, વગેરેનો અનુરાગી અને બીજો ધન-જોબનનાં રંગરાગી! વળી, બંને એક જ યુવતીના પ્રેમભાગી! સંઘર્ષ તો હોના હી થા, પણ સંઘર્ષનું સ્વરૂપ?**

# પહેલાં પ્રેમિકા પડાવી લીધી; હવે આજીવિકા પણ પડાવવા આવ્યા છે!

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા

**શાપ-1**


કહેનારે કહ્યું છે કે પૂર્વ અને પશ્ચિમનો મેળ કદી મળતો નથી. ઉષા અને સંધ્યા વચ્ચેનું અંતર કદી કપાતું નથી. વાઘ અને બકરી સાથે જીવી શકતા નથી. પરંતુ કુદરતના નિયમો પણ ઘણી વાર બદલાય છે અને પૂર્વ-પશ્ચિમનો મેળ પણ કોઈક વાર સધાઈ જાય છે અને જોનારા દંગ રહી જાય છે. ધનેશના કિસ્સામાં પણ આવું જ બન્યું હતું. અત્યંત ધનવાન ઘરનો એ છોકરો વાચનવિચારમાં રત બન્યો હતો.

રામપ્રસાદ શેઠને બે પત્નીઓ હતી અને ત્રણ કારખાના હતાં. બે પત્નીઓએ તેમને બે પુત્રો આપ્યા હતા, અને ત્રણ કારખાનાંએ ત્રણસો કરોડ જેવી સંપત્તિ આપી હતી. રોકડ પણ ગણતા થાક લાગે એટલી હતી.

પુત્રોમાં ધનેશ મોટો અને એ આગળ કહ્યું તેમ અભ્યાસુ પ્રકૃતિનો જુવાન હતો. સાહિત્ય, સંગીત અને કળામાં એને ધંધા કરતાં વિશેષ રસ હતો. કારખાને એ જવલ્લે જ જતો અને ઘણુંખરું તો પુસ્તકાલયમાં કે નાટયગૃહમાં દેખાતો.

પણ બીજા પત્નીથી થયેલા સુરેશ ધનપ્રેમી હતો. ધંધાની આંટીઘૂંટીઓ ઉકેલવામાં અને નાણાં જમા કરવામાં એને વધારે રસ હતો.

બંનેની માતાઓ અવસાન પામી હતી. એમની પાછળ રામપ્રસાદ શેઠ પણ જતા રહ્યા હતા. ઘરમાં વડીલમાં તો ધનેશનાં વિધવા માસી જયાલક્ષ્મી એક જ હતાં.



સૌથી વિચિત્ર વાત તો એ હતી કે ધનેશ અને સુરેશ, બંનેના હૃદય એક જ યુવતી ભણી ઢળેલાં હતાં. એમના બંગલાની જ હરોળમાં થોડે છેટે આવેલા શેઠ ચંદુલાલના બંગલા પર એ બંનેની નજર હતી. અલબત્ત બંગલો તો એમને માટે આકર્ષણનું કેન્દ્ર નહોતો. મૂળે ચંદુભાઈની સુષમા એ બંનેની આંખોમાં અને ત્યાંથી હૃદયમાં વસી હતી. અલબત્ત, સુષમા ભણીનો બંનેનો અભિગમ ભિન્ન હતો. મોર અને બાજના ચારિત્ર્યમાં હોય છે એવો જ એ બંનેમાં ફેર હતો. ધનેશ એની સુંવાળી, મુગ્ધ, લાગણીશીલ રીતે સુષમાનું હૈયું જીતવા પ્રયાસ કરતો હતો, જ્યારે સુરેશ એની ગુમાની ચાલઢાલથી ચળકતી મોટરગાડીઓથી અને ચલણી નોટોના કડકડાટથી સુષમાને વશ કરી લેવા ચાહતો હતો.

બિચારી સુષમા તો મૂંઝાઈ જતી હતી. એક બાજુ હિમાલય અને બીજી બાજુ જ્વાળામુખી પર્વત વચ્ચે સપડાયેલી નદી જેવી એની સ્થિતિ હતી. એને એક કિનારે અદ્‌ભૂત ઉષ્ણતા હતી અને બીજે કિનારે કંપાવી દેતી શીતળતા હતી. એક બાજુ સૂરજ, બીજી બાજુ ચંદ્ર.

એને ચિંતા પણ થતી. બંને યુવકો એમના વિશિષ્ટ ગુણો માટે એને ગમતા હતા. એક શાંતરસનો અવતાર હતો, બીજો શૃંગારનો રસિયો હતો. એક દાસ શિકોર હતો અને બીજો આલમગીર ઔરંગઝેબ જેવો હતો; અને બંને સુષમાને આત્યંતિક તીવ્રતાથી ચાહતા હતા.

શરૂઆતમાં લાગ્યું કે સુષમાના હૃદયમાં સુરેશ માટે વધુ હૂંફાળી લાગણી છે. સુરેશની સાથે એ ફરતી પણ વધારે. સુરેશની ખુલ્લી મોટરમાં એની સાથે રખડવા પણ એ નીકળી પડતી. સુરેશની રોમેન્ટિક છેડછાડ પણ સહી લેતી. ઘણી વાર તો રાતની વેળા કોઈ નાટક-સિનેમા કે પાર્ટીમાં પણ એની સાથે જતી અને પછી રાતની વેળા ઘેર પાછા ફરતી વેળા સુરેશના વર્તન પર રાત્રિ અસવાર બની જતી અને સુષમા પણ એની સાથે આનંદવિભોર બનીને ખીલી ઉઠતી. પણ પછી સુષમા ડરી ગઈ. એને આ મુક્ત વિહારમાં પોતાના સ્ત્રીત્વ સામેની ધમકી દેખાઈ. પોતાની સલામતી જોખમાતી લાગી. પોતે જે કરી રહી છે એમાં પતનની સંભાવના છે તે એને સમજાયું. એ સુશીલ યુવતી હતી. પોતાના ઉન્માદને વશમાં રાખવાનું જાણતી હતી અને પતન સુધી પહોંચે નહીં એવી સજાગ હતી અને જાણે આ પરિસ્થિતિના પ્રત્યાઘાત રૂપે હોય તેમ એ ધનેશ ભણી વધુને વધુ ઢળવા લાગી. ધનેશની સૌમ્ય પ્રકૃતિ તેને ક્રમશઃ વધુને વધુ મોહિત કરવા લાગી.

યુવતીઓ હંમેશા રસરંગ અને ભ્રષ્ટાચારને વધુ પસંદ કરે છે. એવો ખ્યાલ કેટલાક લેખકો યુવકોમાં ફેલાવવા કોશિશ કરે છે અને યુવાન માણસને બહેકાવવા મથે છે, પણ નારી તો નિર્મળ પ્રેમની જ પૂજારિણી હોય છે, અને થોડાક જ દિવસમાં તો સુરેશની છેલબટાઉ હરકતોથી મૂંઝાઈ મૂંઝાઈ રહેલી સુષમા ધનેશના ધીરગંભીર સાથમાં અપાર શાતા પામવા લાગી. એના તરવરતા દેહની અગન શાંત પડી અને એનું મન ધનેશના મન સાથે શાશ્વત એકાકાર ઝંખી રહ્યું. સુરેશ આ પરિવર્તનને સમજી શકે તે પહેલાં તો સુષમા અને ધનેશના વિવાહ પણ જાહેર થઈ ગયા. સુરેશ હવે ઈર્ષાની આગમા બળવા લાગ્યો. એણે ધનેશને બરબાદ કરી નાખવાનો મનસૂબો કર્યો. કાવાદાવા શરૂ કર્યા.

શેઠના અવસાન પછી મિલકત હજુ મઝિયારી હતી. વહેંચાઈ નહોતી. વડીલ જયાલક્ષ્મી ઘણા વખતથી ધનેશને પોતાનો ભાગ સંભાળી લેવા સૂચવતાં હતાં, પણ ધનેશને પોતાના લઘુબંધુ પર સંપૂર્ણ શ્રદ્ધા હતી. ધંધાદારી વાતોમાં સુરેશ પોતાના કરતાં વધુ કાબેલ છે અને ઉત્સાહને એ વહીવટ કરે છે તો ભલે કરતો એવી એક નિરાંત પણ હતી. બિચારા એ ભોળા આદમીને ખબર નહોતી કે ઓરમાન ભાઈ સુરેશ એને બરબાદ કરવાની પ્રતિજ્ઞા કરી છે!

સુષમા હવે ગૃહરાણી બનીને ઘરમાં આવી હતી. ધનેશ એની સાથે ખૂબ સુખી હતો. એનો પ્રેમ પાંગરીને પલ્લવિત બન્યો હતો. સરખેસરખા શોખ અને રૂચિવાળી પત્ની પામીને એ જાણે અલૌકિક દુનિયામાં વિહરવા લાગ્યો હતો.

અને... અને અચાનક જ એ આ અલૌકિક ગગનથી નીચે પછડાયો. પેઢીના વડા એકાઉન્ટન્ટે એક દિવસ આવીને એને સમાચાર આપ્યા કે સુરેશે ધીરે ધીરે નફો દબાવવા માંડ્યો છે. ઘણી ઘણી મિલકત પોતાને નામે કરવા માંડી છે. જો તમે વેળાસર ચેતી નહીં જાવ તો એક દિવસ ચપણિયું લઈને રસ્તે ભીખ માંગતા રઝળવાની વેળા આવશે!

**પોતાના ઉન્માદને વશમાં રાખવાનું જાણતી હતી અને પતન સુધી પહોંચે નહીં એવી સજાગ હતી અને જાણે આ પરિસ્થિતિના પ્રત્યાઘાત રૂપે હોય તેમ એ ધનેશ ભણી વધુને વધુ ઢળવા લાગી**

ધનેશના હૃદયમાંથી એક દર્દભરી આહ નીકળી ગઈ. હેં? જે ભાઈને પોતે શ્રદ્ધાથી આખો ધંધો સોંપી દીધો હતો એણે જ દગો કરવા માંડયો? એણે જ મારો સર્વનાશ કરવાની પેરવી કરવા માંડી?

એ દિવસથી ધનેશ ખૂબ ઉદાસ રહેવા લાગ્યો. સુરેશ સાથે આ વાત કેવી રીતે ખોલવી? એની પાસે પૂરો હિસાબ કેવી રીતે માગવો? એ મૂંઝાઈ ગયો. માત્ર ધન જેમનો ધર્મ છે એવા લોકો સત્વવાદીઓને આમ જ મૂંઝવતા હોય છે. અરે, માત્ર મૂંઝવતા જ નહિ.

સુષમાએ પોતાના પતિમાં થઈ રહેલા આ ફેરફાર જોઈ લીધો. એને લાગ્યું કે કશુંક અમંગળ બનવામાં છે એ વ્યાકુળ બની ગઈ. પોતાની બાળસખી અને ગુનાશોધનમાં નામ કમાવા લાગેલી રાધિકા ચેટરજીને આ વાત જણાવી. વખતો વખત આ ઘેર મળવા આવતી રાધિકાએ પણ ધનેશના મૂંઝવણ ભર્યા વર્તનની નોંધ લેવા માંડી. એની આગવી વિચારણા દૃષ્ટિએ તે પણ આ પરિવર્તનનું કારણ શોધી રહી.

પરંતુ એ બંને સખીઓ આ ફેરફારનું કારણ સમજી શકે તે પહેલાં જ વળી એક દિવસ એકાઉન્ટન્ટે કહ્યું કે હમણાં સુરેશે બે કરોડ રૂપિયા જેવી રકમ ઓળવી લીધી છે! વળી ચોપડાઓમાં ખોટેખોટાં ખાતાં પાડીને એ રકમનો તાળો મેળવી દેવાનો એકાઉન્ટ ખાતાને હુકમ કર્યો છે.

હવે ધનેશ રાતોપીળો થઈ ગયો. ક્રોધિત બની ગયેલાં નીલકંઠ શિવની જેમ રુદ્ર સ્વરૂપ ધારણ કરીને એ સુરેશના ખંડ ભણી ધસી ગયો. એને આમ ધસતો જોઈને જયાલક્ષ્મી સુષમા અને રાધિકા પણ એની પાછળ દોડયા.

સુરેશને એ દિવસે સહેજ તાવ આવેલો હતો અને એ પગલંગમાં પડયો હતો. ફેમિલી ડૉકટર દેસાઈ પણ ત્યાં જ હતા. ત્યારે એકદમ એના ખંડનું બારણું ધકેલીને ધનેશ ધસી આવ્યો. આવતાંવાર એણે વચનબાણ મારવા માંડયાં. 'સુરેશ! તારા પર વિશ્વાસ રાખીને મેં આખો ધંધો કારોબાર તને સોંપી દીધો, એનો તેં આ બદલો આપવા માંડયો! નીચ! નમકહરામ! ચોવીસ કલાકની અંદર બધા હિસાબ રજૂ કર અને તારો ભાગ લઈને આ ઘરમાંથી ચાલ્યો જા!'

સામે સુરેશ પણ કદાચ આવી ક્ષણની અપેક્ષા રાખી જ બેઠો હતો. એણે પણ સખત રોષથી ધ્રુજતા અવાજે પ્રતિકાર કર્યો; 'ધનેશ! પહેલાં તો તેં મારી પ્રેમિકા પડાવી લીધી. હવે મારી આજીવિકા પણ પડાવા આવ્યો છે, ખરું ને! ભલે, મિલકતનો ફેંસલો થઈ જશે. પણ એ પહેલાં તો તું મરી જઈશ! મહાકાળી માતાના સોગંદ ખાઈને હું તને શાપ આપું છું. તું પૂરું એક અઠવાડિયું યાતનામાં પીડાતો રહીશ! તું પ્રકાશ નહીં ખમી શકે અને અંધકારની ચાહના કરીશ. તારા આંતરડા વલોવાઈ જશે. એક ચાંગળુંપાણી પણ તારા પેટમાં નહીં ટકે. તારી ચામડી ફોગાઈ જશે અને ફાટી પડશે શરીર બળીજળી જશે અને કેસૂડાના ફૂલ જેવું લાલચોળ થઈ જશે. તારા મસ્તકમાં હજારો હજારો શૂળો ભોંકાશે. તારી જીભ પર પીળાં પીળાં ઘાસ ઉગશે અને આખરે તારું ભૂંડે હાલે મોત થશે!' અને ક્રોધથી થરથરતા સુરેશે પલંગમાં પડતું મૂકીને ચાદર ઓઢી લીધી.

ધનેશ જેટલો સદાચારી હતો એટલો જ શ્રદ્ધાળુ હતો. સુરેશે ઉચ્ચારેલો આ ભયંકર શાપ સાંભળીને એણે પીડાથી આંખો બંધ કરી દીધી અને ઘાયલની જેમ એ ખંડમાંથી બહાર નીકળી ગયો. સુષમા અને રાધિકા એનાં બાવડાં પકડીને એને એના શયનખંડ સુધી દોરી ગયાં.

***(વાચક મિત્રો! તમે અહીં વચાંતા રહ્યા છો એવી અનેક વિશિષ્ટ વાર્તાઓની પરંપરા આ છે. વિશેષ વાર્તાને આવતા અઠવાડિયે પૂરી થશે. ત્યાં સુધી ધનેશની યાતના બદલ દુઆ દેજો. અને હા, ગત અઠવાડિયાની રહસ્યકથાનો ઉકેલ એને છેડે આવી જ ગયો છે.)***